જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૭/૨૦૨૦ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

**સમાચાર યાદી નં.૧૧૮૫/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૬/૦૭/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૯૭૩૪ | ૧૧૧ | ૯૮૪૫ | ૧૫૭૯૦ | ૧૧૧ | ૧૫૯૦૧ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૨૮૪ | ૧ | ૪૨૮૫ | ૫૮૦૦ | ૧ | ૫૮૦૧ |
| ૫૪૮૦૦ | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૩ | ૦ | ૪૩ | ૨૦૩ | ૦ | ૨૦૩ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૨૦૬૨ | ૩૯ | ૧૨૧૦૧ | ૧૨૫૬૭ | ૩૨ | ૧૨૫૯૯ |
| કુલ | | ૨૬૧૨૩ | ૧૫૧ | ૨૬૨૭૪ | ૩૪૩૬૦ | ૧૪૪ | ૩૪૫૦૪ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૦૯ | ૮,૯૩,૮૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૪૧૪૯ | ૮,૨૯,૮૦૦/- |

# ઘરફોડ ચોરીના આરોપીની અટકાયતની વિગત

## નિકોલ પોલીસ સ્ટેશન :-

**અમદાવાદ શહેરના કાગડાપીઠ પોલીસ સ્ટેશન તથા નિકોલ પોલીસ સ્ટેશન ખાતે બનવા પામેલ ઘરફોડ ચોરીના વણ-શોધાયેલ ગુન્હાઓમાં ગયેલ સોનાના દાગીના તથા મોબાઈલ ફોન મળી કુલ્લે રૂ. ૨,૪૯,૮૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી અગાઉ ચોરી તેમજ મારા-મારીના ગુન્હામાં પકડાયેલ રીઢા પાંચ આરોપીઓને ઝડપી પાડતી નિકોલ પોલીસ**

મે.પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેરનાઓએ COVID-19 કોરોના રોગની મહામારી વચ્ચે અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સા. મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડિવીજન અમદાવાદ શહેર નાઓ સાથે નિકોલ પોલીસ સ્ટેશનની મુલાકાતે પધારેલ આ વખતે મે.પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેર તેમજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે બનેલ ઘરફોડ ચોરી/ચેન સ્નેચીંગ/વાહનો ચોરી જેવા મિલકત સંબધી વણ શોધાયેલા ગુન્હાઓ શોધી કાઢવા સારૂ સુચના કરેલ, જે સુચના આધારે અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સા. તથા મે. નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સાહેબનાઓએ ટેકનીકલ સોફ્ટવેર દ્વારા મે.પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેરનાઓની સુચના મુજબ કામ કરવા સારૂ સુચના કરતા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડિવીજન અમદાવાદ શહેર નાઓ સીધા માર્ગદર્શન હેઠળ P.I.શ્રી વી.ડી.ઝાલાનાઓએ જનરલ સ્કોર્ડના ઈન્ચાર્જ ASI રાજેન્દ્રસિંહ જશવંતસિંહનાઓની ટીમમાં ટેકનીકલ ઉપર કામ કરતા LR.દિનેશસિંહ હમીરભાઈનાઓને સુચના કરતા તેઓએ પોતાની ટીમના ઈન્ચાર્જ H.C.ગૌતમભાઈ હિરાભાઈ તથા PC કપિલકુમાર કાન્તિભાઈ, PC.રજનીશકુમાર હરિભાઈ, તથા LR.રવિરાજસિંહ કાનજીભાઈનાઓને સાથે રાખી LR. દિનેશસિંહ હમીરભાઈનાઓએ ટેકનીકલ આધારે PC. કપિલકુમાર કાન્તિભાઈનાઓની સાથે મળી નિકોલ પો.સ્ટે.પાર્ટ A-11191015200180/2020 ઈપીકો કલમ: ૪૫૭, ૩૮૦ મુજબના કામે માહીતી મેળવી મોબાઈલ ફોન કબ્જે કરી સંડોવાયેલ આરોપીઓ કમલેશ ઉર્ફે કાર્તિક S/o કનુભાઈ વાઘેલા રહે: મ્યુ.હેલ્થ સ્ટાફ કવાર્ટસ, જમાલપુર, તથા સુનિલ S/o ઝવેરભાઈ મારવાડી રહે:ડો.આંબેડકર આવસા યોજના ચાર માળીયા ઓઢવ,નાઓની PC. રજનીશકુમાર હરિભાઈ, તથા LR રવિરાજસિંહ કાનજીભાઈનાઓએ બાતમી હકિકત મેળવી આરોપીઓને ચોરીમાં ગયેલ સોનાના દાગીના સાથે ઝડપી પાડી પો.ઈન્સ.શ્રી વી.ડી.ઝાલા તથા ટીમના ઈન્ચાર્જ H.C.ગૌતમભાઈ નાઓએ ઘનિષ્ઠ પુછપરછ કરતા સહ આરોપી યશ S/o રામદાસ યાદવ રહેવાસી: દિવ્ય માલા સોસાયટી, વસ્ત્રાલ, સાથે મળી ચોરી કરેલ હોવાની કબુલાત કરતા સદર ગુન્હાના કામે ચોરીએ ગયેલ મુદ્દામાલ પૈકી રૂ.૩૫,૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરી LR દિનેશસિંહ તથા PC કપિલકુમારનાઓને આરોપી યશ યાદવ બાબતે બાતમી હકિકત મળતા હકિકત આધારે યશ યાદવને ઝડપી પાડી ટીમના ઈન્ચાર્જ H.C.ગૌતમભાઈનાઓએ તમામ આરોપીઓની ઘનિષ્ઠ પુછપરછ કરતા પકડાયેલ આરોપીઓ પૈકી

આરોપી કમલેશ ઉર્ફે કાર્તિક વાઘેલાનાએ પોતાના સાગરીત રહેમાન ઉર્ફે પા S/O મયુદીન અજમેરી તથા અલ્પેશ S/o રાજેશભઈ મદ્રાસી બન્ને રહે: બાવા લબલબની દરગાહના કાચા છાપરામાં, જમાલપુર,નાની સાથે મળી આજથી આશરે એક મહીના પહેલા રાત્રી દરમ્યાન બહેરામપુરા પંડીત નહેરૂ સ્કુલની પાછળ આવેલ ક્રિશ્ચનની કોલોની ખાતે આવેલ કોલોનીના એક મકાનમાંથી સોના દાગીના, રોકડા નાણાં તથા મોબાઈલ ફોનની ચોરી કરેલ હોવાની કબુલાત કરતા આરોપી કમલેશ ઉર્ફે કાર્તિક વાઘેલાનાએ ચોરીમાંથી મેળવેલ સોનાના દાગીના રૂ.૨,૦૪,૫૦૦/- તથા મોબાઈલ ફોન કિ.રૂ. ૩,૦૦૦/- કુલ્લે રૂ.૨,૦૭,૫૦૦/-નો મુદ્દામાલ કાગડાપીઠ પોલીસ સ્ટેશનપાર્ટ A-11191025200823/2020 ઈપીકો કલમ:૪૫૭, ૩૮૦ મુજબના કામે ચોરીએ ગયેલ હોય તે મુદ્દામાલ કબ્જે કરી સદર ગુન્હાના કામે સંડોવાયેલ આરોપીઓ રહેમાન ઉર્ફે પા અજમેરી તથા અલ્પેશ મદ્રાસી બાબતે LR દિનેશસિંહ તથા P.C. કપિલકુમારનાઓને મળેલ બાતમી હકિકત આધારે ટીમના ઈન્ચાર્જ ગૌતમભાઈ નાઓએ ઝડપી પાડી તમામ આરોપીઓને અલગ અલગ બેસાડી પુછપરછ કરતા આરોપી કમલેશ ઉર્ફે કાર્તિક S/o કનુભાઈ વાઘેલાનાનો લોકડાઉન દરમ્યાન મન મોહન ચાર રસ્તા પાસે આવેલ મ્યુ.સ્ટાફ કવા. (આંબેડકર આવાસ યોજનાના)મકાનમાં પોતાના સગા રહેતા હોય, રાત્રી દરમ્યાન કવાર્ટસમાં આવેલ બ્લોક નંબર:૨૦ મકાન નંબર: ૮૩ ખાતેથી ચાંદીના દાગીના તથા મોબાઈલ ફોનની ચોરી કરેલ જે ચોરી કરેલ જે બાબતે નિકોલ પો.સ્ટે.ગુ.ર.નં.પાર્ટ-A-11191015200813/2020 ઈપીકો કલમ: ૪૫૪, ૩૮૦ મુજબના ગુન્હામાં ચોરીએ ગયેલ દાગીના પૈકી રૂ.૭,૩૦૦/- નો મુદ્દામાલ સાથે મળી કુલ્લે કિમત રૂપિયા ૨,૪૯,૮૦૦/- મુદ્દામાલ રીકવર કરી પાંચ આરોપીઓને ઝડપી પાડી પ્રશનનીય કામગીરી કરેલ છે.



# પેરોલ જમ્પના અરોપીની અટકાયતની વિગત

## નિકોલ પોલીસ સ્ટેશન :-

## અગાઉ ક્રાઈમ બ્રાન્ચ ખાતે N.D.P.S.ના ગુન્હામાં પકડાયેલ અને પેરોલ/ફર્લો જમ્પ થયેલ રીઢા પાકા કામના કેદી મંગલસિંગ રતિભણસિંગ પરીહારને ઝડપી પાડતી નિકોલ પોલીસ

મે.અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ સાનાઓની સુચના આધારે મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સાહેબનાઓએ પેરોલ/ફર્લો જમ્પ થયેલ કેદીઓને ઝડપી પાડવા સારૂ ડ્રાઈવ રાખેલ હોય, જે ડ્રાઈવ અનુસંધાને મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી “આઈ” ડીવીજન અમદાવાદ શહેરનાઓએ પેરોલ/ફર્લો થયેલ ઈસમોની હકિકત મેળવવા સારૂ સુચના કરેલ હોય, જે સુચના આધારે પોલીસ ઈન્સ્પેકટર શ્રી વી.ડી.ઝાલા નાઓના સિધા માર્ગદર્શન હેઠળ પેરો/ફર્લો થયેલ ઈસમોને શોધી કાઢવા સારૂ જનરલ સ્કોર્ડના ASI. શ્રી આર.જે.ચૌહાણનાઓએ હેડ.કોન્સ.દિપનારાયણ રાજનારયાણનાઓને સુચના કરેલ હોય તેઓ પોતાની ટીમના લોકરક્ષક.પ્રકાશકુમાર જેઠાભાઈ,લોકરક્ષક દાજીરાજસિંહ નાગજીભાઈ નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. દરમ્યાન હકિકત મળેલ કે “સબરમતી મધ્યસ્થ જેલ પાકા કેદી નંબર:-S/૧૪૧૪૭ મંગલસિંગ S/o રતિભાણસિંગ પરિહાર રહે:-૬૪૩/૪૧૫૩, ગુજરાત હાઉસીંગ બોર્ડના મકાન બાપુનગર, અમદાવાદ શહેરનાઓ ગઈ તા.૨૯/૦૪/૨૦૨૦ ના રોજ પેરોલ/ફર્લો રજા ઉપર આવેલ અને ગઈ તા.૨૯/૦૫/૨૦૨૦ ના રોજ થી સાબરમતી મધ્યસ્થ જેલ ખાતે હાજર થવાનું હતુ પરંતુ પોતે હાજર નહિ થઈ પેરોલ/ફર્લો જમ્પ થયેલ જે પાકા કામના કેદી નં. S/૧૪૧૪૭ મંગલસિંગ S/o રતનસિંગ પરિહાર બાબતે લોકરક્ષક.પ્રકાશકુમાર જેઠાભાઈ,લોકરક્ષક દાજીરાજસિંહ નાગજીભાઈ નાઓને મળેલ બાતમી હકિકત આધારે પાકા કેદી નંબર:-S/૧૪૧૪૭ મંગલસિંગ પરિહાર નાને ઝડપી પાડી સાબરમતી મધ્યસ્થ ખાતે જેલ હવાલે કરી પ્રશનનીય કામગીરી કરેલ છે.



# વાહન ચોરીના આરોપીની અટકાયતની વિગત

## રાણીપ પોલીસ સ્ટેશન :-

## વાહન ચોરીના આરોપીને મુદ્દામાલ સાથે પકડી પાડતી રાણીપ પોલીસ

મે.પોલીસ.કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુક્ત પોલીસ.કમિશ્નર સાહેબશ્રી સેક્ટર ૦૧ અમદાવાદ શહેર તથા મે ના.પોલીસ.કમિશ્નર સાહેબશ્રી ઝોન ૦૨ કારંજ ભવન અમદાવાદ શહેર તથા મે.મ.પો.કમિ.સા.શ્રી"એલ"ડિવિઝન અમદાવાદ શહેર નાઓ તમામ ઉપરી અધિકારીશ્રી ઓની જરૂરી સુચના મુજબ પોલીસ ઇન્સપેક્ટર જે.બી.ખાંભલા રાણીપ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓની જરૂરી સુચના તેમજ સીધા માર્ગદર્શન હેઠળ રાણીપ પોલીસ સ્ટેશન પો.સ્ટે હદ વિસ્તારમાં મિલકત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ સુચના કરેલ હોય જે સુચના આધારે સર્વેલન્સ સ્કોડના એ.એસ.આઇ મહેંન્દ્રભાઇ સોનાભાઇ બ.ન ૭૭૩૭ તથા એ.એસ.આઇ બિપીનકુમાર હરગોવનદાસ બ.નં.૮૦૦૮ તથા અ.હે.કો પ્રદિપકુમાર થાવરાભાઇ બ.નં ૪૦૮૪ તથા અ.હે.કો દેવકરણભાઇ અજાભાઇ બ.નં.૫૫૫૯ નાઓ તમામ પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન અ.હે.કો પ્રદિપકુમાર થાવરાભાઇ બ.નં ૪૦૮૪ તથા અ.હે.કો દેવકરણભાઇ અજાભાઇ બ.નં.૫૫૫૯ નાઓની સંયુક્ત ખાનગી બાતમી હકીકત આધારે રાણીપ બાલોલનગર ચાર રસ્તા ખાતે થી આરોપી ઉદયલાલ સ/ઓ સોહનજી નાથુજી મોદી ઉ.વ.૩૦ રહે-હાલ-ધર્મેદ્રભાઇ જૈનના મકાનમાં,રોનકપાર્ક સોસાયટી, રાજેશ્વરી સોસાયટી પાસે,અંબીકા ચાર રસ્તા, રાણીપ,અમદાવાદ શહેર મુળ વતન:-ગામ-ટુગચ,તા-રાયપુર,પો.સ્ટ-ખાખરમાલા.જીલ્લો-ભીલવાડા.પોલીસ સ્ટેશ ન-રાયપુર.રાજસ્થાનનાઓ પાસેથી "હોન્ડા એકટીવાનો નંબર GJ-01-JP-2700 કાલા કલરનુ ચાવી સાથેનુ કિંમત રૂપિયા ૭,૦૦૦/-ગણી તપાસ અર્થે કબજે કરી રાણીપ પોલીસ સ્ટેશનના ફસ્ટ ગુ.ર.નં.૩૯/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબનો ગુનો ડીટેક્ટ કરી સારી કામગીરી કરેલ છે કાર્યવાહી હાલમાં ચાલુ છે તારીખ ૧૬/૦૭/૨૦૨૦



# <u>પ્રોહીબીશન આરોપીની અટકાયતની વિગત</u>

## <u>રાણીપ પોલીસ સ્ટેશન:-</u>

## <u>ભારતીય બનાવટની ઇગ્લીશ દારૂની નાની તથા મોટી ટોટલ બોટલો નંગ ૫૦/-કિં રૂ ૧૯,૧૫૦/-ની મત્તાના મુદ્દામાલ સાથે બે આરોપીઓને શોધી કાઢતી રાણીપ પોલીસ</u>

મે.પોલીસ.કમિશ્નરસાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુક્ત પોલીસ.કમિશ્નર સાહેબશ્રી સેક્ટર ૦૧ અમદાવાદ શહેર તથા મે ના.પોલીસ.કમિશ્નર સાહેબશ્રી ઝોન ૦૨ કારંજ ભવન અમદાવાદ શહેર તથા મે.મ.પો.કમિ.સા.શ્રી"એલ"ડિવિઝન અમદાવાદ શહેર નાઓ તમામ ઉપરી અધિકારી શ્રીઓની જરૂરી સુચના મુજબ તેમજ હાલમાં ચાલતી પ્રોહી/જુગારની ડ્રાઇવ અનુસંધાને અસરકારક કાર્યવાહી કરી મળી આવેથી કાયદેસરની કાર્યવાહી કરવા સારૂ પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.બી.ખાંભલા રાણીપ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓની જરૂરી સુચના તેમજ માર્ગદર્શન હેઠળ સર્વેન્લસ સ્કોડના એ.એસ.આઈ મહેન્દ્રભાઈ સોનાભાઇ બ.ન ૭૭૩૭ તથા અ.હે.કો પ્રદીપકુમાર થાવરાભાઈ બ.ન ૪૦૮૪ તથા અ.હે.કો દેવકરણભાઈ અજાભાઈ બ.ન ૫૫૫૯ તથા અ.લો.ર લાખાભાઇ દેહાભાઈ બ.ન ૪૮૧ તથા અ.લો.ર સુંડાભાઈ વિરમભાઈ બ.નં ૧૨૩૧૩ નાઓ તમામ માણસોએ ચીમનભાઈ પટેલ બ્રિજના નીચે ખાડીયાની ચાલી સામે કેશવનગર પાસે અ.હે.કો દેવકરણભાઇ અજાભાઇ બ.નં ૫૫૫૯ તથા અ.લો.ર સુંડાભાઈ વિરમભાઈ બ.નં ૧૨૩૧૩ બન્નેને સંયુક્તરીતે ખાનગી બાતમી હકીકત આધારે (૦૧) શૈલેન્દ્રસિહ વનરાજસિહ જાતે ઝાલા ઉ.વ ૨૭ ધંધો ડ્રાઈવીંગ રહે ખાડીયાની ચાલી (રામજીભાઈ ની ચાલી) કેશવાનગર સુભાષબ્રિજ રાણીપ અમદાવાદ શહેર તથા મુળ વતન ગામ ઝીઝુવાડા તા. દશાડા જિલ્લો સુરેન્દ્રનગર તથા ન (૦૨) સુરેશભાઇ રવાજી જાતે ઠાકોર ઉ.વ ૩૮ ધંધો છુટક મજૂરી કામ રહે ખાડીયાની ચાલી (રામજીભાઈ ની ચાલી) કેશવનગર સુભાષબ્રિજ રાણીપ અમદાવાદ શહેર તથા મુળ વતન ગામ વાતમ (વાસણા) ઠાકોરવાસ તા.દિયોદર જી.બનાસકાંઠા નાઓ બન્ને પાસેથી ગે.કા અને વગર પાસપરમીટની ભારતીય બનાવટની વિદેશી દારૂની શીલબંધ હાલતની નાની તથા મોટી બોટલો નંગ-૫૦/- જે તમામની કુલ્લે કિંમત રૂપિયા-૧૯,૧૫૦/-ની મત્તાના મુદ્દામાલ સાથે મળી આવતા તપાસ અર્થે કબ્જે કરી બન્ને આરોપીઓ વિરુધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે.તારીખ ૧૬/૦૭/૨૦૨૦



## વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન :-

## પ્રોહીનો ગણના પાત્ર કેશ શોધી કાઢતી વસ્ત્રાપુર પોલીસ

પોલીસ કમીશ્નર શ્રી આશીષ ભાટીયા સાહેબ તથા મે.સંયુક્તપો.કમિ.શ્રી, સેકટર-૧ અમીત વિશ્વકર્મા સાહેબ તથા ના,પો.કમિ.શ્રી, ઝોન-૧ શ્રી પી.એલ.માલ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી, “એ” ડીવીઝન શ્રી એમ.એ.પટેલ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહીબીશનની પ્રવુતી અટકાવવા સારૂ પ્રોહીબીશન ડ્રાઈવ રાખેલ હોય જેથી આ દરમ્યાન પ્રોહીને લગતા વધુને વધુ કેશો કરી અસરકારક કામગીરી કરવા સુચના કરેલ હોય જે તેઓ સાહેબની સુચનાઓ મળેલ હોય જે અનુસંધાને વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઈંન્સ્પેક્ટરશ્રી વાય.બી.જાડેજા નાઓના સીધા માર્ગદર્શન આધારે તા- ૧૬/૦૭/૨૦૨૦ ના રોજ સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ.એમ. બી. જાડેજાનાઓ તથા અન્ય સ્ટાફના માણસો સાથે પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન સાથેના લો.ર.અર્જુનસિંહ રૂગનાથસિંહ બ.નં-૫૯૨ તથા પો.કો. બીપીનભાઈ મણીલાલ બ.નં-૧૦૨૧૪ ના ઓને સંયુક્ત બાતમી હકીકત મળેલ જે આધારે સાકેત ટાવર પાસે અમુલ પાર્લર આગળ વસ્ત્રાપુર ખાતે એક ટોયોટા ઈનોવા કાર તથા મારૂતી સુઝુકી સીયાઝ કારમાથી ભારતીય બનાવટની વિદેશી દારૂની અગલ અલગ બોટલો નં-૩૧ કી.રૂ.૩૩૪૯૦/-તથા બંન્ને ઈસમોની અંગ ઝડતી દરમ્યાન રોકડ રૂ. ૧૦,૨૯૫/- તથા એક રેડમી કંપનીનો નોટ ૮ પ્રો કી.રૂ. ૫૦૦૦/-તથા ઈનોવા કાર કી.રૂ. ૫,૦૦,૦૦૦/- તથા મારૂતી સુઝુકી સીયાઝ કાર કી.રૂ.૩,૦૦,૦૦૦/-ની મળીને કુલ્લી કીમત રૂ.૮,૪૮,૭૮૫/- નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે

**કબ્જે કરેલ મુદ્દામાલ :-** ભારતીય બનાવટની વિદેશી દારૂની અગલ અલગ બોટલો નં-૩૧ કી.રૂ.૩૩,૪૯૦/-તથા બંન્ને ઈસમોની અંગ ઝડતી દરમ્યાન રોકડ રૂ. ૧૦,૨૯૫/- તથા એક રેડમી કંપનીનો નોટ ૮ પ્રો કી.રૂ. ૫૦૦૦/-તથા ઈનોવા કાર કી.રૂ. ૫,૦૦,૦૦૦/- તથા મારૂતી સુઝુકી સીયાઝ કાર કી.રૂ.૩,૦૦,૦૦૦/-ની મળીને કુલ્લી કીમત રૂ.૮,૪૮૭૮૫/-નો મુદ્દામાલ કબ્જે કરેલ છે

**આરોપીઓ:-** (૧)ઈંદ્રજીત થાંનસિંઘ રાજપુત ૩૧રહે-૩૩ મુળજી કનીરામની ચાલી ચમનપુરા અમદાવાદ શહેરનાનો અસારવા શિવમ નામની મેડિકલની દુકાન ધરાવી તથા પોતાની ઈનોવા કારની ડેકીમાં ચોરખાનું બનાવી દારૂની બોટલો લાવતો હોય તથા વેચાણ કરતો હોય તથા(૨) વિજય લક્ષ્મણભાઈ ઠાકોર ઉ.વ-૩૭ રહે-મ.ન-૮૬/૦૭ કાંતીલાલની ચાલી અસારવા હોસ્પીટલ ના પાચમા નંબરના ગેટની સામે શાહીબગ અમદાવાદ શહેર આરોપી નંબર ૧ ની મદદ કરતો હોય

## કામગીરી કરનાર અધીકારી/કર્મચારી

પો.ઇન્સ. શ્રી વાય.બી.જાડેજા, પો.સ.ઈ. શ્રી મહાવીરસિંહ.બી.જાડેજા,તથા મ.સ.ઈ.જહાનગીરખાન ઈસ્માઈલખાન બ.નં- તથા મ.સ.ઇ ભારતભાઇ દાનાભાઇ બ.નં- ૧૦ તથા અ.હે.કો બાબુભાઇ

સરતાનભાઇ બ.ન-૩૦૪૩ તથા હે.કો.રામચંદ્ર શાન્તારામ બ.નં-૮૮૨૭ પો.કો. યશપાલસિંહ જોરૂભા બ.નં.૫૬૨૭ તથા પો.કો. ગોવીંદભાઈ નરશીભાઈ બ.નં-૭૬૦૫ પો.કો.જીતેન્દ્રકુમાર જીવાભાઈ બ.નં-૮૫૯૨ તથા પો.કો.રાજેશકુમાર કરશનભાઈબ.નં-૫૭૮૧૪ તથા લો.ર.જયપાલસિંહ દીલીપસિંહ બ.ન-૧૨૪૪૪ તથા લો.ર.વિશ્વરાજસિંહ હરદેવસિંહ બ.નં-૧૩૬૭ તથા લો.ર વિનોદભાઇ દલપતભાઇ બ.નં- ૧૩૧૪ તથા લો.ર. વિશાલકુમાર પુંજાભાઈ બ.નં-૬૦૩૮, લો.ર.અર્જુનસિંહ રૂગનાથસિંહ બ.નં-૫૯૨ તથા પો.કો. બીપીનભાઈ મણીલાલ બ.નં-૧૦૨૧૪ નાઓ દ્વારા સારી કામગીરી કરવામા આવેલ છે.





## સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન :-

## પ્રોહીબિશન ગણનાપાત્ર કેસ ~ 37,900 ના દારૂ સાથે કુલ રૂ.૧,૪૨,૯૦૦ નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો

શ્રી આશિષ ભાટીયા સાહેબ, પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા શ્રી અમીત વિશ્વકર્મા સાહેબ સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ તથા શ્રી પી.એલ.માલ સાહેબ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ તથા શ્રી એમ.એ.પટેલ સાહેબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એ-ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂ જુગાર જેવી અસામાજીક પ્રવૃતીને સંદતર નેસ્ત નાબુદ કરવા સારૂ હુકમ કરેલ હોય જે આધારે સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટર જે.પી.જાડેજા નાઓના સીધા સુપરવિઝન હેઠળ સર્વેલન્સ સ્કોર્ડ પો.સ.ઇ. જે.જે.રાણા તથા સ્ટાફના માણસોએ બાતમી આધારે ભારતીય બનાવટનો વિદેશી દારૂ ઝડપી પાડવામાં આવેલ છે.

### આરોપીઓ:

ભવરસિંહ પ્રતાપસિંહ રાઠોડ ઉવ.૩૪ રહે.મ.નં-૨ ઇશ્વરભાઇ રબારીના મકાનમાં, ભાગ્યોદય સોસાયટી ઘાટલોડીયા અમદાવાદ મુળ ગામ: મલાડા તા.સેમારી જી, ઉદયપુર રાજસ્થાન

### મુદ્દામાલ:

ભારતીય બનાવટની વિદેશી ઇંગ્લીશ દારૂની બોટલ નંગ-૭૨ કિ.રૂ.૩૭,૯૦૦/-, મોબાઇલ ફોન નંગ-૧ કિ.રૂ.૫૦૦૦/-, અલ્ટો કાર કિ.રૂ.૧,૦૦,૦૦૦/- મળી કુલ્લે રૂ.૧,૪૨,૯૦૦/- ના મત્તાનો.

આ કામગીરીમા સુપરવિઝન જે.પી.જાડેજા સીનીયર પોલીસ ઈન્સ્પેકટર, તથા સર્વેલન્સ સ્કોર્ડ પો.સ.ઇ. જે.જે.રાણા તથા પો.કો. જયપાલસિંહ દશરથસિંહ બ.નં-૩૮૩૪ તથા સ્ટાફના માણસો સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનના જોડાયેલા હતા.

*સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર*

# જુગાર આરોપીની અટકાયતની વિગત

## ગુના નિવારણ શાખા :-

## “સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાથી પૈસા પાનાથી તીન પત્તીનો જુગાર રમતા ૮ ઈસમોને કુલ્લે ૫૧,૦૭૦/ રુપિયાના મુદામાલ સાથે ઝડપી પાડતી પી.સી.બી.”

મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયા નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારુ કાર્યવાહી કરવા સુચના કરતા જે સુચના આધારે તા.૧૬.૦૭.૨૦૨૦ ના રોજ પીસીબી ઈન્ચાર્જ પો.સ.ઈ.શ્રી એ.ડી.ચાવડા તથા સ્ટાફના મસઈ જશવંસિહ બળદેવસિહ, અહેકો મહેંદ્ર વાસુદેવ, અહેકો દિલીપસિહ પૃથ્વીસિહ,અપોકો કેયુરભાઈ ધીરુભાઈ, અપોકો મુકેશકુમાર ગોવિંદભાઈ,અપોકો પ્રિયવદન જયંતિલાલ તથા અન્ય સ્ટાફના માણસો વિગેરે શહેર વિસ્તામા પેટ્રોલીગમાં હતા દરમ્યાન અહેકો મહેંદ્ર વાસુદેવ તથા અપોકો કેયુરભાઈ ધીરુભાઈ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે આરોપી ગુરુમુખદાસ છતુમલ મેવાણી (સિંધી)ના કબ્જા ભોગવટાવાળી જગ્યા કુબેરનગર એ વોર્ડ મકાન નંબર ૨૬૭/બી અમદાવાદ શહેર ખાતે પંચો સાથે જુગાર અંગેની રેઈડ કરી કુલ્લે ૮ ઈસમોને પૈસા પાનાથી તીન પત્તીનો જુગાર રમતા કુલ્લે રોકડા નાણા ૨૫૦૭૦/-રુપિયા તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રુપિયા ૫૧૦૭૦/-સાથે પકડી પાડી તેઓની વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી સરદારનગર પોસ્ટે ખાતે બી પાર્ટ ગુરન ૧૧૧૯૧૦૪૦૨૦૨૬૫૫/૨૦૨૦ જુગાર ધારા કલમ ૪,૫ મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

## પકડાયેલ આરોપીઓ :

(૧) ગુરુમુખદાસ છતુમલ મેવાણી (સિંધી) રહેવાસી- મકાન નંબર૨૬૭ /બી, એ વોર્ડ, ભાનુ વિધ્યાલયની બાજુમા કુબેરનગર (૨) કમલેશ ઉર્ફે કમુ હરિરામ રોહેડા (સિંધી) રહે. મ.ન. ૨૪૯ એ વોર્ડ ભાનુ વિધ્યાલય નીબાજુમા કુબેરનગર (૩) અજયકુમાર લક્ષ્મણભાઈ દેવડા રહે- મ.ન.૪૫ જોગણી માતાના છાપરા ભદેશ્વર કોતરપુર (૪) વિનોદભાઈ નારણભાઈ ભોજવાણી (સિંધી) રહે.બી/૨૨ શાંતિનગર સોસાયટી, બંગ્લા એરીયા કુબેરનગર (૫) લક્ષ્મણભાઈ મનહરલાલ પેશવાણી (સિંધી) રહે.મ.ન.૧૪૭ એફ વોર્ડ સિંધી ધર્મશાળાની બાજુમા કુબેરનગર (૬) અજયભાઈ મહેશકુમાર કેશવાણી (સિંધી) રહે.મ.ન.૧૬૨ એ વોર્ડ ગાયત્રી સ્કુલની બાજુમા કુબેરનગર (૭) દિપક કુમાર મહેશકુમાર કેશવાણી (સિંધી) રહે. મ.ન.૧૬૨ એ વોર્ડ ગાયત્રી સ્કુલની બાજુમા કુબેરનગર (૮) મયુરભાઈ ગુલશનભાઈ વાધવાણી (સિંધી) રહે. મ.ન.૧૬૯ એ વોર્ડ ભાનુ વિધ્યાલય ની બાજુમા કુબેરનગર

## ગુનાની જગ્યા :

આરોપી નં.૧ કબ્જા ભોગવટાવાળા મકાન નં.૨૬૭/બી એ વોર્ડ કુબેરનગર અમદાવાદ ખાતે થી

## પકડાયેલ મુદામાલ :

(૧) અંગજડતી તથા દાવના નાણા રુપિયા ૨૫૦૭૦ /-(૨) મોબાઇલ ફોન નંગ ૬ કિ. રુપિયા ૨૬000/- (૩) ગંજીફાના પાના નંગ ૫૨ કિ.00.00/ (૪) પ્લાસ્ટીક ની ટોપલી નંગ ૧ કિમંત 00/00 મળી



# પાસા આરોપીની અટકાયતની વિગત

## સાબરમતી પોલીસ સ્ટેશન :-

## પ્રોહીબીશન સબંધી પાસા અટકાયતીની ધરપકડ કરતી સાબરમતી પોલીસ

માનનીય પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર, સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧, નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “એલ” ડિવિઝન અમદાવાદ શહેર નાઓએ પ્રોહી/જુગારની પ્રવુતી સદંતર નેસ્ત નાબુદ કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સપેક્ટર શ્રી સાબરમતી પો.સ્ટે. નાઓના સુપરવિઝન હેઠળ સાબરમતી પો.સ્ટે. વિસ્તારમાં આવા ગુનાઓ આચરતા ઇસમો ઉપર સતત વોચ રાખી બાતમી હકીકત આધારે અજય S/o જશુભાઇ અંબાલાલ છારા (જાડેજા) ઉ.વ.૩૭ ધંધો-છુટક મજુરી રહે. છારાનગર કાળીગામ સાબરમતી અમદાવાદ શહેર  નાઓ વિરૂધ્ધ ભારતીય બનાવટના વિદેશી દારૂનો કેસ કરવામાં આવેલ હોય અને સદરી આરોપીની આવી પ્રવુતી પ્રોહી કલમ ૯૩ કે જી.પી.એક્ટ કાયદાની સામાન્ય જોગવાઇઓ અનુસાર તાત્કાલીક અટકાવી શકાય તેમ ન હોય સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ આરોપીને પાસા અટકાયતમા લેવા ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા /૪૮૯/૨૦૨૦ તા.૧૬/૦૭/૨૦૨૦ ના રોજ હુકમ કરતા સદર હુકમ આધારે સદરી આરોપીને પાસા અટકાયતના હુકમની બજવણી કરી ડીટેન કરી લાજપોર જેલ સુરત ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે.

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:

(૧) LR ભાગ્યપાલસિંહ વિજયસિંહ બ.નં.૧૨૦૪૭ (૨) ASI જયંતીભાઇ દેવજીભાઇ બ.નં.૭૫૩૬ (૩) HC કમરૂદીન હુસેનમીયાં બ.નં.૪૧૦૧ (૪) PC રાજુભાઇ સાગરભાઇ બ.નં.૫૭૯૯



**નારોલ પોલીસ સ્ટેશન :-**

## પ્રોહીબિશનની પ્રવુતિ સાથે સંકળાયેલાને પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત મોકલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીઝન સાહેબ અમદાવાદ શહેરનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહીબિશન સબંધી ગુનાઓની પ્રવુતિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જેથી પો.ઇન્સ એસ.એ.ગોહિલ તથા સ્ટાફના માણસોએ નારોલ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ પ્રોહીબિશનના ગુનાઓ સબંધે નારોલ પો.સ્ટે.પ્રોહી ગુ.ર.નં. ૧૧૧૯૧૦૬૫૨૦૦૫૪૮/૨૦૨૦ પ્રોહી એકટ કલમ-૬૬(૧)(બી),૬૫(એ) (ઇ),૮૧,૯૮(૨) મુજબના ગુનાઓના કામના આરોપણ બહેન : સદાબેન ઉર્ફે સરોજબહેન રાજુભાઇ ચુનારા ઉ.વ. ૪૩ રહે, ચુનારાવાસ નારોલ ગામ દશામાંના મંદીરની બાજુમાં નારોલ અમદાવાદ શહેર નાઓની વિરૂદ્ધ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરના પાસા અટકાયતી હુકમ ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા /૪૭૭/૨૦૨૦ તા.૧૫/૦૭/૨૦૨૦ થી પાસા અટકાયતીનો હુકમ કરતા સદર આરોપીને આજરોજ તા:૧૬/૦૭/૨૦૨૦ના કલાક ૧૦/૩૦ વાગ્યે બજવણી કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૮૬/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૨ કેસ કરી, ૭૬ વ્યક્તિઓને ઝડપી, ૫૮૬ લીટર દેશી દારૂ, ૧૨૮ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ સ્કૂટર અને ૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૯ કેસ કરી ૨૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૧૭,૮૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૮૭/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૧૮૮/૨૦૨૦**

**માધવપુરાઃ** વિકાસ મોહનલાલ પ્રજાપતિ (ઉ.વ.૨૩) (રહે. મનસુખપુરાની ચાલી બારડોલપુરા માધવપુરા) એ તા.૧૬/૦૭/૨૦૨૦ નારોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૦૧/૨૦૨૦ બપોરના ૩/30 થી ૩/૪૫ વાગ્યા દરમ્યાન વિકાસ પ્રજાપતિએ એનીમલ બર્ડ હેલ્પલાઇન નંબર ૧૮૦૦૪૧૯૨૮૮૪ ઉપર ફોન કરતા જણાવેલ કે તમારે પહેલા રૂપિયા ૧૦ નુ રજીસ્ટ્રેશન કરાવવુ પડશે પછી એનીમલ હેલ્પલાઇનની ગાડી તમારા ત્યાં આવશે જેથી વિકાસ પ્રજાપતિએ હા પાડતા તેને વિકાસ પ્રજાપતિના મોબાઈલ ફોન પર એક લીંક મોકલી લીંક ઓપન કરાવી માહીતી ભરાવડાવી રજીસ્ટ્રેશન કરાવી નામ, રકમ તથા ઓ.ટી.પી. નંબરની માહિતી મેળવી વિકાસ પ્રજાપતિના કોટક મહિન્દ્રા બેંક શાહીબાગ બ્રાન્ચમા બેંકના ખાતામાંથી પ્રથમ રૂપિયા ૫,૦૦૦ તથા બીજી વખત રૂપિયા ૧૭,૦૦૦ મળી કુલ રૂપિયા ૨૨,૦૦૦/- યુ પી.આઇ ટ્રાન્જેકશન કરી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.એન.રબારી ચલાવે છે.

**નિકોલ**ઃ હેમાંગભાઈ ઉદયભાઈ ભટ્ટ (ઉ.વ.૩૨) (રહે. બંગલા નંબર ૭૩ નંદનબાગ બીલાસીયા ગામ બીલાસીયા નરોડા-દહેગામ રોડ, એસ.પી.રીંગ રોડ, નરોડા) એ તા.૧૬/૦૭/૨૦૨૦ નારોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે, તા.૦૧/૧૧/૨૦૦૮ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન ગેલેક્ષી હોમ્સ તથા અમદાવાદ દસક્રોઈ કઠવાડાગામ એસ.પી રીંગરોડ ઉદય ઓટોલીંક મારુતિ શો રૂમની પાછળ ગેલેક્ષી ઈન્ટરસીટી નામની સાઈટ ખાતે આરોપી (૧) મગન નાગજી રામાણી (રહે. બંગલો નં.૩૫, નંદનબાગ બીલાસીયા,ગામ બીલાસીયા નરોડા-દહેગામ રોડ. એસ.પી.રીંગ રોડ નરોડા,(૨) હરેશ નાગજી રામાણી (રહે બંગલો નં.૮, રાજભવન બંગલોઝ સુર્યમ ફ્લોરા સામે મહાત્મા ગાંધી રોડ નિકોલ) (૩) ભરત નાગજી રામાણી (રહે. યુનીટ નં.બી-૧૦૧,આરાધના રેસીડેન્સી ગંગોત્રી સર્કલ પાસે, નિકોલ) (૪) ધર્મેશ મગન રામાણી (રહે. બંગલો નં.૩૫, નંદનબાગ, બીલાસીયા, ગામ બીલાસીયા, નરોડા દહેગામ રોડ,એસ.પી.રીંગ રોડ, નરોડા) (૫) નીલેશ મગન રામાણી (રહે. બી-૧૦૪, પારસ ગેલેક્ષી ફ્લેટ્સ, હરિદર્શનથી નિકોલ રોડ, નવા નરોડા) (૬) પ્રફુલ જયંતી રામાણી (રહે. બંગલો નં.૧૭, સાર્થક બંગલો,ઉદય ટેનામેન્ટ પાછળ, નીલ સાગર સોસાયટી પાસે, નિકોલ-નરોડા રોડ, નવા નરોડા) (૭) હિતેશ બી.બરવાળીયા (રહે. બંગલો નં.૭૨, ગેલેક્ષી હોમ્સ,ઉદય ઓટો લીંક મારુતી શોરૂમ પાછળ,એસ.પી. રીંગ રોડ, ઓઢવ) (૮) દિવ્યા ધર્મેશ રામાણી (રહે.બંગલો નં.૩૫, નંદનબાગ બીલાસીયા, ગામ બીલાસીયા, નરોડા-દહેગામ રોડ,એસ.પી. રીંગ રોડ, નરોડા) (૯) અનસુયા હરેશ રામાણી (રહે. બંગલો નં.૮, રાજભવન બંગલોઝ, સુર્યમ ફ્લોરા સામે, મહાત્મા ગાંધી રોડ, નિકોલ) (૧૦) નયના પ્રફુલ રામાણી (રહે.બંગલો નં.૧૭, સાર્થક બંગલોઝ,ઉદય ટેનામેન્ટ પાછળ, નીલ સાગર સોસાયટી પાસે,નિકોલ-નરોડા રોડ, નવા નરોડા) એ ભેગા મળી હેમાંગભાઈ તથા સાહેદોને ભાગીદારી પેઢી સારી રીતે અને કાનુની રીતે ચલાવશે અને ભાગીદારી દસ્તાવેજમા જણાવ્યા મુજબના નફાની વહેચણી કરશે તેવો વિશ્વાસ અને ભરોસો આપી હેમાંગભાઈ તથા સાહેદો સાથે ભાગીદારી પેઢીના હિસાબો ગફલત કરી કુલ રૂપિયા ૪૮,૬૭,૨૭,૩૩૬/- ઉચાપત કરી તેમજ આરોપીઓએ તેમના પરીવારના સભ્યોને ક્લાર્ક/અધિકારી /સેવક બતાવી ભાગીદારી પેઢીના હિસાબના ચોપડે તેઓના પગારની ખતવણી કરી પાવરનો ગેર કાયદેસર ઉપયોગ કરી ભાગીદારી પેઢી મારફતે બાંધવામા આવી રહેલ મકાનોના રજીસ્ટર દસ્તાવેજો કરી આપી છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.ડી.ઝાલા ચલાવે છે.

**<u>સોનાની ચેઈન ખેચી ઝુટવી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૮૯/૨૦૨૦</u>**

**અમરાઇવાડી**ઃ સવિતાબહેન વા/ઓ દિનેશભાઇ વાઘેલા (રહે. તેજેન્દ્ર પોઇન્ટ ડુપ્લેક્ષ પોસ્ટ ઓફિસ સામે અમરાઇવાડી) તા.૧૬/૦૭/૨૦૨૦ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે અમરાઇવાડી નીતીનગરના છાપરાની સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એક્ટીવા પર આવેલ બે પુરૂષ સવિતાબહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૩૬,૦૦૦/- ખેચી તોડી ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સવિતાબહેન વાઘેલાએ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એમ.બારોટ ચલાવે છે.

**સાઈટ પરથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૧૯૦/૨૦૨૦**

**સોલા હાઈકોર્ટઃ** ગોતા આઇ.સી.બી.ફ્લોરા સામે સિલ્વર હાર્મનીની સામે ૭ પેરેડાઈઝ નવી બનતી સાઈડ ઉપર રહેતા અને ત્યા જ કામ કરતા અજયકુમાર રાજનારાયણ ઠાકુર તા.૧૬/૦૭/૨૦૨૦ કલાક ૮/૨૦ વાગે સાઈટ પરથી પડી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રણવીરસિહ વજેસિહ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૧૯૧/૨૦૨૦**

**ચાંદખેડાઃ** મમતાબહેન વા/ઓ ચિરાગ જાદવ (ઉ.વ.૨૯) (રહે. કેશવ એપાર્ટમેન્ટ ટી.પી.૪૪ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૭/૨૦૨૦ બપોરના ૧/૧૫ વાગ્યાના સુમારે પોતાના છ વર્ષના પુત્ર રીયાંશને સાથે લઈ પોતાના રહેણાંકના બ્લોકમાંથી પડતુ મુક્યુ હતુ. સારવાર માટે મમતાબહેનને ઓર્થોપેડીક હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા તેમજ પુત્ર રિયાંશને એસ.એમ.એસ.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન બન્નેના મૃત્યુ નિપજયાં હતા. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.આર.દેસાઇ ચલાવે છે.

**રામોલઃ** ફેલિક્સ સ/ઓ સુનિલભાઇ મેકવાન (ઉ.વ.૨૨) (રહે.સામોલ પાર્ક સોસાયટી સિંધવાઇ માતાના મંદિર પાસે સી.ટી.એમ. રામોલ) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૭/૨૦૨૦ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટો બાંધી ગળેફાસો ખાતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૬/૦૭/૨૦૨૦ કલાક ૪/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અમૃતભાઇ મોહનભાઇ ચલાવે છે.

**જીઆઇડીસી વટવાઃ** મહેશભાઇ સુરસંગભાઇ ઠાકોર (ઉ.વ.૪૬) (રહે. વિનોબાભાવેનગર વટવા જીઆઇડીસી) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૭/૨૦૨૦ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે ઝેરી પ્રવાહી પી લીધુ હતુ. સારવાર માટે તેમને સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૬/૦૭/૨૦૨૦ બપોરના ૨/૪૫ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે જીઆઇડીસી વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સોએબમંહમંદ અબ્દુલમજીદ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી